

શ્રી નવશક્તિ, સમા





શ્રી નવશક્તિ, સમા

# નવરાત્રિમાં નખ પર ઉત્સવનો રંગ

## બાંધણીથી માંડીને દાંડિયા સુધીની નેઇલ આર્ટનો અનોખો ટ્રેન્ડ

નવરાત્રિ એટલે રંગો, રોશની, સંગીત અને ગરબાની રમઝટ. નવ દિવસ સુધી ચાલતા આ ઉત્સવમાં યુવતીઓ અને મહિલાઓ પોતાના પરંપરાગત વસ્ત્રો, આકર્ષક જ્વેલરી અને મેકઅપ દ્વારા આગવું વ્યક્તિત્વ રજૂ કરે છે. જોકે, હવે તહેવારી ફેશનમાં એક નવો ટ્રેન્ડ ઝડપથી લોકપ્રિય બની રહ્યો છે–નવરાત્રિ થીમ આધારિત નેઇલ આર્ટ. હાથમાં રંગબેરંગી ચણિયાચોળી, કાનમાં પરંપરાગત આભૂષણો અને પગમાં ઘૂઘરીઓની ઝણકાર સાથે હવે નખ પર પણ ગુજરાતી સંસ્કૃતિની સુંદર ઝલક જોવા મળે છે. બાંધણીની ભાત, દાંડિયાની આકૃતિઓ, અરીસાકામ, વારલી કળા અને પરંપરાગત રંગોની મદદથી નખને પણ ઉત્સવના અભિન્ન હિસ્સા તરીકે શણગારવામાં આવે છે. આ નેઈલ આર્ટ માત્ર સૌંદર્ય વધારવાનું માધ્યમ નથી, પરંતુ પોતાની સંસ્કૃતિ અને સર્જનાત્મકતાને વ્યક્ત કરવાની એક આધુનિક રીત પણ બની રહી છે.



### બાંધણી, મિરર વર્ક અને દાંડિયાની ભાતનો જાદુ



નવરાત્રિની નેઇલ આર્ટમાં પરંપરાગત ગુજરાતી કળાઓને વિશેષ સ્થાન મળી રહ્યું છે. બાંધણીની ઝીણી ટપકીઓ, રંગબેરંગી ભાત અને પરંપરાગત ડિઝાઇન નખને અનોખો દેખાવ આપે છે. બીજી તરફ, ચણિયાચોળી પર જોવા મળતું મિરર વર્ક હવે નેઇલ આર્ટમાં પણ નાની ચમકતી વિગતો દ્વારા રજૂ થાય છે.દાંડિયા, ગરબા રમતાં નૃત્યકારોની આકૃતિઓ, માતાજીની આરાધનાને લગતાં પ્રતીકો અને મંડલાની ડિઝાઇન નખ પર ઉત્સવી માહોલ ઊભો કરે છે.

### દરેક સ્ટાઇલ માટે અલગ અંદાજ



નવરાત્રિની નેઇલ આર્ટમાં દરેક વ્યક્તિ પોતાની પસંદગી પ્રમાણે પ્રયોગ કરી શકે છે. જેમને સાદગી પસંદ હોય તેઓ ન્યૂડ અથવા પેસ્ટલ રંગો પર નાની પરંપરાગત ભાત પસંદ કરી શકે છે. જ્યારે બોલ્ડ લુક ઇચ્છતી યુવતીઓ લાલ, મરૂન, ગુલાબી અને ગોલ્ડન રંગો સાથે મિરર વર્ક તથા ગ્લિટરનો ઉપયોગ કરી શકે છે. બદામ આકારના નખ પર નાજુક ડિઝાઇન સુંદર લાગે છે.

### ગરબા નાઇટ માટે સુંદરતા સાથે આરામ પણ જરૂરી



નેઇલ આર્ટ પસંદ કરતી વખતે માત્ર ડિઝાઇન જ નહીં, પરંતુ તેની સુવિધા અને ટકાઉપણું પણ ધ્યાનમાં રાખવું જોઈએ. ગરબા દરમિયાન સતત દાંડિયા રમવા, તાળીઓ પાડવા અને હાથની વિવિધ મુદ્રાઓ કરવી પડતી હોવાથી ખૂબ લાંબા કે તીક્ષ્ણ નખ અસુવિધા ઊભી કરી શકે છે.

### પરંપરા અને આધુનિકતાનું ફ્યુઝન

નવરાત્રિની નેઇલ આર્ટ દર્શાવે છે કે ફેશનમાં હવે નાની વિગતો પણ વ્યક્તિના સમગ્ર દેખાવને ખાસ બનાવી શકે છે. ગુજરાતી સંસ્કૃતિની ઓળખ ધરાવતી બાંધણી, મિરર વર્ક અને દાંડિયાની ભાત જ્યારે આધુનિક નેઇલ ડિઝાઇન સાથે જોડાય છે, ત્યારે પરંપરા અને નવીનતાનું સુંદર ફ્યુઝન સર્જાય છે.



ધરમપાલ સત્યપાલ ગ્રુપે નવરાત્રી, દુર્ગા પૂજા અને દશેરાને આવરી લેતું 'Pulse Ka Pandal 2026' ડિજિટલ અભિયાન રજૂ કર્યું છે. 'Pulse of India'ની વિચારધારા સાથે શરૂ કરાયેલી આ પહેલનો હેતુ ભારતની સાંસ્કૃતિક પરંપરાઓને નવી પેઢી સાથે આધુનિક માધ્યમો દ્વારા જોડવાનો છે.11થી 20 ઓક્ટોબર દરમિયાન ચાલનારા આ અભિયાનમાં ત્રણ તહેવારો માટે અલગ-અલગ ઇન્ટરેક્ટિવ અનુભવો તૈયાર કરવામાં આવ્યા છે.

# વડોદરામાં નાગર જ્ઞાતિના પરંપરાગત બેઠા ગરબા



ગુજરાતની પ્રાચીન અને ભવ્ય લોકસંસ્કૃતિમાં નાગર જ્ઞાતિની'બેઠા ગરબા'ની પરંપરા એક અનન્ય અને ગરિમાપૂર્ણ સ્થાન ધરાવે છે. સામાન્ય રીતે નવરાત્રિમાં ઘૂમરી લેતા અને ઊભા ગરબાથી વિપરીત, આ ગરબા જમીન પર બેસીને, હાથની તાળી અને ઢોલકના સથવારે ગવાય છે. તેમાં શારીરિક ચપળતા કરતાં ભાવ, શબ્દ અને સૂરનું મહત્ત્વ વધુ હોય છે.આ ગરબાઓનું મૂળ ઊંડા ભક્તિભાવ અને કાવ્યત્વમાં રહેલું છે. તેમાં ગવાતાં પદો મુખ્યત્વે માતાજીની સ્તુતિ, શ્રીકૃષ્ણની લીલા, પ્રભાતિયાં કે ઐતિહાસિક આખ્યાનો પર આધારિત હોય છે. ભક્ત કવિ નરસિંહ મહેતા, ભાલણ તેમજ વલ્લભ મેવાડા જેવા સંત-કવિઓની રચનાઓ આ ગરબાની કરોડરજ્જુ છે. નાગર શૈલીની ગુજરાતી ભાષાનો શુદ્ધ ઉચ્ચાર, છંદ અને શાસ્ત્રીય રાગો (જેવા કે કેદાર, દેશ, સારંગ) પર આધારિત ઢાળ આ પરંપરાને અતિ વિશિષ્ટ અને કર્ણપ્રિય બનાવે છે.સાંસ્કૃતિક દૃષ્ટિએ આ ગરબા માત્ર ઉત્સવ નથી, પરંતુ પારિવારિક એકતા અને સંસ્કારોના આદાન-પ્રદાનનું માધ્યમ છે. ઘરમાં સ્ત્રીઓ અને પુરુષો એકઠા થઈને શાંત, ગંભીર અને ભક્તિસભર વાતાવરણમાં આ ગરબા ગાય છે. આધુનિક ડીજે અને ઘોંઘાટભર્યા વાતાવરણ વચ્ચે પણ નાગર જ્ઞાતિએ પોતાની આ સદીઓ જૂની, સૌમ્ય અને શુદ્ધ સંગીતમય પરંપરાને આજે પણ જીવંત રાખી છે.

# MSUના નૃત્ય વિભાગ દ્વારા શક્તિ પર્વ વાર્ષિક ગરબા મહોત્સવ ઉજવાયો

## ભારતીય સંસ્કૃતિ અને લોકનૃત્યની પરંપરાનું સુંદર પ્રદર્શન

વડોદરા : મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટસના નૃત્ય વિભાગ દ્વારા ફેકલ્ટીના કોન્સર્ટ હોલ ખાતે શક્તિ પર્વ નામનો વાર્ષિક ગરબા મહોત્સવ ઉત્સાહભેર યોજાયો હતો. વિભાગના વડા પ્રો. ડો. સ્મૃતિ વાઘેલાએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ભારતીય સંસ્કૃતિ, પરંપરા, ભક્તિભાવ અને લોકનૃત્યની સમૃદ્ધ પરંપરાને પ્રોત્સાહન આપવાનો હતો. કાર્યક્રમમાં નૃત્ય, ભક્તિ અને સામૂહિક એકતાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ગરબામાં ભાગ લીધો હતો. પરંપરાગત ગરબાની તાલબદ્ધ ગતિઓ, આકર્ષક નૃત્યશૈલી અને સંગીતના મધુર તાલે સમગ્ર વાતાવરણને ભક્તિમય અને ઉત્સવમય બનાવી દીધું હતું. રંગબેરંગી પરંપરાગત પોશાકોમાં સજ્જ વિદ્યાર્થીઓએ ગરબાની વિવિધ રજૂઆતો દ્વારા ગુજરાતની લોકસંસ્કૃતિ અને પરંપરાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓએ ગરબાના તાલે એકસાથે નૃત્ય કરીને સામૂહિક એકતા, આનંદ અને સાંસ્કૃતિક ગૌરવની અનુભૂતિ કરી હતી. શક્તિ પર્વ માત્ર નૃત્યનો કાર્યક્રમ જ નહોતો, પરંતુ માતા શક્તિ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિની અભિવ્યક્તિનું માધ્યમ પણ બન્યો હતો. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય લોકનૃત્યની પરંપરાને નજીકથી અનુભવવાની અને પોતાની કલાત્મક અભિવ્યક્તિને વિકસાવવાની તક મળી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓનો ઉત્સાહ તથા સહભાગિતા નોંધપાત્ર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંકલન કુ. રિદ્ધિ બજાજે કર્યું હતું, જ્યારે ડો. પ્રીતિ દામલે સંયોજક તરીકે જવાબદારી નિભાવી હતી.



# મહા અષ્ટમીના નૈવેદ્ય હવન માટેના ચોક્કસ મુહૂર્ત અને સમય જાહેર



પવિત્ર શારદીય નવરાત્રીમાં આસો સુદ આઠમ એટલે કે મહા અષ્ટમીનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. વર્ષ ૨૦૨૬માં આઠમની તિથિ રવિવાર, ૧૮ ઓક્ટોબરે સવારે ૮:૨૭ વાગ્યે શરૂ થઈ સોમવાર, ૧૯ ઓક્ટોબરે સવારે ૧૦:૫૧ વાગ્યે પૂર્ણ થશે. કુટુંબની પરંપરા મુજબ મહા અષ્ટમીની રાત્રે માતાજીનું નિવેદ કરતા માઈભક્તો ૧૮ ઓક્ટોબરની રાત્રે વિધિ કરી શકશે. જ્યારે આઠમની ઉદયતિથિ સોમવારે હોવાથી હવન-યજ્ઞની પરંપરા ધરાવતા ભક્તોએ સ્થાનિક પંચાંગ મુજબ સવારે ૧૦:૫૧ પહેલાં વિધિ પૂર્ણ કરવી હિતાવહ છે.જ્યોતિષાચાર્ય અને ધર્મશાસ્ત્રી પ્રદીપ પંડ્યાના જણાવ્યા અનુસાર "શાસ્ત્રોમાં ઉદયતિથિનું વિશેષ મહત્ત્વ છે. ૧૯ ઓક્ટોબરે સૂર્યોદય સમયે આઠમ હોવાથી સવારે ૧૦:૫૧ સુધી હવન-યજ્ઞ માટે યોગ્ય સમય છે. જોકે, રાત્રે નિવેદ કરવાની કુટુંબપરંપરા હોય તો ૧૮મીએ પૂજન કરી શકાય છે."મુખ્ય માતાજી પૂજારી અને પંચાંગકર્તા હરીશ જોશીના જણાવ્યા અનુસાર "તિથિના ક્ષય કે વૃદ્ધિ મુજબ મુહૂર્તમાં ફેરફાર થઈ શકે છે. આઠમની તિથિ પૂર્ણ થાય તે પહેલાં, એટલે કે ૧૯ ઓક્ટોબરે સવારે ૧૦:૫૧ સુધીમાં હવનની પૂર્ણાહુતિ કરવી શાસ્ત્રસંમત છે. ભક્તોએ કુળગોર અને સ્થાનિક પંચાંગનું માર્ગદર્શન લેવું જોઈએ."